સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

વાહ રે પ્રભુ! અચરજ ભરી તારી સૃષ્ટિ!
કરે ક્યાંક જળબંબાકાર ક્યાંક કષ્ટિ!
અતવૃષ્ટિથી કરી નાખે બેહાલ-બેઘર,
રહી નથી હવે તારી એક સમાન દૃષ્ટિ!!

હાઈકુ

વેરી નાખે છે,
વચ્ચેથી મધ્યમોને -
મિલ્કત વેરો..

લૂખ્ખા કક્કડ
તંત્ર પર પક્કડ, -
ફરે ફક્કડ!

ચિંતન

યે કિંચિદ્ દુખિતા લોકે સર્વે તે સ્વ સુખેચ્છયા ।
યે કેચિત્ સુખિતા લોકે સર્વે તે અનય્ સુખેચ્છયા ॥

આ જગતમાં જેટલા દુખી લોકો છે એ એટલા માટે છે - કારણ કે એ લોકો કાયમ માત્ર ને માત્ર પોતાના સુખ-સગવડની અને પોતાની ઇચ્છા-પૂર્તિ માટે સદાય વિચારતા રહે છે; અને એની ચિંતા અને પ્રયત્નોમાં સદાય દુઃખી રહે છે.

વળી આ જગતમાં જેટલા સુખી લોકો છે એ એટલા માટે સુખી છે કે એ કદી માત્ર પોતાના સુખ વિશે જરા પણ ચિંતીત નથી પણ અન્યના સુખ-સુવિધાનો જ વિચાર કરે છે એમની બધી ઇચ્છાઓ અને પ્રયત્ન બીજાના સુખ માટે જ હોય છે.

સ્વાર્થી, લુચ્ચાં લોકો હંમેશા પોતાનાં સુખ-સગવડનો જ પ્રથમ વિચાર કરતા હોય છે આવાં લોકો સમૂહ ભોજન, પ્રવાસ, સમૂહમિલન, સંયુક્ત પરિવાર, નોકરી-ધંધાના સ્થળે જલદીથી ઓળખાઇ જાય છે. આવા માણસો સતત પોતાનાં લાભ-સુખ-સ્વાર્થની ચિંતામાં દુખી જ રહે છે.

સંત-સજ્જન લોકો સદાય બીજાના સુખનો વિચાર કરતા હોય એમને કદીય ઉતાવળ-પડાપડી કે ઇચ્છાપૂર્ણ ન થવાની ચિંતા રહેતી નથી. મળ્યું તો 'વાહ! ભલા' ન મળ્યું તો 'હા ભલા' જેવો સંતોષ અને સુખ તેમના ચહેરા પર રહે છે.

સુવિચાર

- બુદ્ધિ અને કોઠાસૂઝથી અઘરામાં અઘરા કામો સહેલાં થઇ જાય છે - **સુધા મૂર્તિ**
- પ્રગતિશીલ માણસ જ રાજા બનવાને કાયક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઝઘડો કરવાં કરતાં પ્રેમથી સમજદારીથી કામ કરાવવામાં જ માલિકની સાચી હોંશિયારી છે - **જર્મન કહેવત**
- વસ્તુ કરતાં બુદ્ધિની કિંમત વધારે હોય છે - **એ.પી.જે. કલામ**
- પરીક્ષામાં સારા માર્ક જરૂરી ખરા પણ એ કંઇ ટેલેન્ટ અને સક્સેસનાં પર્યાય નથી, સૌથી મોંઘી શાળા તો આપણી ખુદની 'ઝિંદગી' છે જે ભલભલાને કોઇ પણ ભેદભાવ રાખ્યા વગર એક જ પાટલીએ બેસાડીને નિષ્પક્ષ પરીક્ષા લે છે - **જય વસાવડા**
- અગાશીને કઠેડો હોય, ભેખડ ને નહીં, ભેખડની ધાર પર તો વિવેક એ જ કઠેડો - **અમૃતબિંદુ**
- રક્તનો માર્ગ પણ એક માર્ગી નથી, જો એવું હોય તો જીવન અટકી જાય, તો પછી સ્નેહનો પ્રવાહ શા માટે એક માર્ગી?? - **અહમદ મકરાણી**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સાચો અને પાત્ર વિદ્યાર્થી ક્યારે ય ગુરૂ ઋણ ભૂલતો નથી. સાચું શિક્ષણ અને સાચો વિદ્યાર્થી પણ એને જ કહેવાય.

ઢસા સ્ટેશને રેલ્વે ચેકીંગમાં એક ૭૬ વર્ષના ગરીબ-બ્રાહ્મણ-વૃદ્ધ પણ પકડાયા - વિના ટિકીટે મુસાફરી પેટે દંડના ૨૦૦/- રૂા. પણ આપી ન શક્યા. કોર્ટમાં રજૂ થયા. ન્યાયાધીશે એને પ્રેમથી પુછ્યું - દાદા! તમે વિના ટિકીટે મુસાફરી કરો એવા તો દેખાતા નથી. તમારી શું લાચારી હતી કે વિના ટિકીટે...

વૃદ્ધ કહે સાહેબ હું ટિકીટની લાઇનમાં જ ઉભો હતો પણ ટ્રેન આવી ગઇ. લાઇનમાં ઉભેલા બધા ટિકીટ વિના જ દોડ્યા અને એની સાથે હું પણ...

ન્યાયાધીશ કહે પણ તમે ક્યાં-અને શા માટે જતા હતા? વૃદ્ધ કહે સાહેબ, મારી દિકરીના લગ્ન છે. મેં મહુવાના બળવંતસિંહ બાપુના દિકરાને વગર વેતને ભણાવેલો તેથી જ્યારે મને જરૂર હોય ત્યારે આર્થિક મદદ કરે છે. આ વખતે પણ હું એટલે જ ગયો હતો રૂા. ૧૦૦૦ની જરૂર હતી પણ બાપુ, સામાજિક કામે બહારગામ ગયા હતા તેથી ધક્કો થયો. દંડના પૈસા તો ક્યાંથી કાઢું..

કોર્ટમાં રિષેશ નો સમય થયો. ન્યાયાધીશે વૃદ્ધને ચેમ્બરમાં આવવાનું કહ્યું અને ૧૨૦૦ રૂા. આપતાં જજ કહે સાહેબ, હું તમને ઓળખી ગયો હતો. પ્રણામ કરું છું. હું જ બળવંતસિંહ બાપુનો પુત્ર 'પરાક્રમ'. આ હજાર રૂા. અમારો ચાંદલો અને ૨૦૦/- રૂા. દંડના... વૃદ્ધની આંખો છલકી..

Email - sureshchandrabhatt18@gmail.com

તમે બધાએ જોયા કારવ્યા વગર બીજા પાના ઉપર 'આગળ મુજબ' લખી નાખ્યું પેલા લેડી ડૉકટરને અહિં બોલાવીને ખાતરી કરાવી કે તમારામાંથી કોણ ત્યાં ગયું હતું?

નાની અમથી વાત (હળવે હૈયે)

લેટ મસ્ટર

- લે. ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

આ સને ૧૯૭૫ની આસપાસની વાત છે. તે સમયે કર્મચારીઓની હાજરી પુરવા, અત્યારના જેવા સ્માર્ટ કાર્ડ નહોતા, એટલે સચિવાલયના વિભાગમાં પ્રવેશ કરવા માટે "ખૂલ જા... સીમ સીમ"ની પ્રથા ન હોતી. ત્યારે હાજરી પત્રકો રહેતા. સચિવાલયની કચેરીઓનો સમય સાડા દશ. ત્યાં સુધીમાં જે કર્મચારી આવ્યા હોય તે હાજરીપત્રકમાં સહી કરે અને જેવા પોણા અગિયાર થાય કે હાજરીપત્રક ઉપડી જાય 'સાહેબુ'ની ચેમ્બરમાં. અને તેની જગ્યાએ રજીસ્ટર મુકાતું તેને 'લેટ મસ્ટર' કહેવાતું. તે લગભગ બાર વાગે ઉપડે - બરાબર ચોરને કાંધ મારે ત્યારે જ! પછી આવનારની અડધી સી.એસ. લેટ મસ્ટરમાં કર્મચારીને પોતાનું નામ, હોદ્દો, આવવાનો સમય અને મોડા પડવાનું કારણ દર્શાવવાનું રહેતું.

હવે એકવાર એવું બનેલું કે એક મહિલા કર્મચારી મોડા પડેલાં અને તેણીએ તો પોતાનું નામ, આવવાનો સમય, હોદ્દો, મોડા પડવાનું કારણ લખીને પોતાની જગ્યાએ ગયા. અને તાકડે થયેલું એવું કે લેટ-મસ્ટરનું એ પાનુ લગભગ પુરું થવા આવેલું હોવાથી એ પાનાની છેલ્લી લીટીમાં બહેને પોતાની વિગત લખી અને તેમણે જ પાનું ઉલટાવી નાખેલું અને પાના ફર ફર ન થાય એટલે 'વજનીયું' મૂકેલું. ત્યાર પછી તો પંદરેક કર્મચારીઓએ પોતાની વિગતો લખેલી. મોટાભાગે કર્મચારીઓ રઘવાટમાં ને ફફડતાં જીવે જ 'ધોડતા' આવે અને પછી કારણ લખવાની દરકાર કરે નહિ પણ "આગળ/ઉપર મુજબ" એટલું જ કારણમાં લખે.

બાર વાગે જયારે લેટ મસ્ટર ચેમ્બરમાં ગયું ત્યારે સાહેબ તો પેલા બહેન અને ત્યાર પછીના મોડા આવેલા કર્મચારીઓનાં કારણો જોઇને પહેલા તો ચોંકી ગયા પછી ખૂબ હસ્યા. તેમને પણ થોડું ટીખળ કરી આ બધાને પાઠ ભણાવવાનું મન થયું. એટલે તેમણે તો પહેલાં લેડી ડોકટરને ફોન કરી પાંચેક મિનીટ આવી જવા વિનંતી કરી. લેડી ડોકટરે હા ભણી. કારણ સચિવાલયમાંથી ફોન થાય તો કોણ ના પાડી શકે અને જો ના પાડે તો અઠવાડિયામાં ઉઠમણું (બદલી) થઇ જાય. હવે લેડી ડોકટર ત્યાં આવે ત્યાં સુધીમાં, પટાવાળાને આ પંદરેક કર્મચારીઓને બોલાવીને પોતાની ચેમ્બર બહાર લાઇનસર ઉભા રાખવા સૂચના આપી.

લેડી ડોકટર આવ્યા અને સીધા જ ચેમ્બરમાં. સાહેબે તેમને ખુબ ધીમેથી (બહાર કોઇ સાંભળી ન જાય એથી) વાત સમજાવી દીધી. પછી બંને બહાર નીકળ્યા ને સાહેબે તે ડોકટરને પહેલા કર્મચારી પાસે લઇ પુછ્યું, "આ જ તમારે ત્યાં આવેલો?" 'ના' પછી આગળ જઇ બીજાને બતાવી પુછ્યું, 'આ?' ના... ના.. એમ કરતાં લાઇન પુરી થઇ ત્યાં સુધી ડોકટર 'ના... ના..' બોલતા રહ્યા. પછી સાહેબે તેમનો આભાર માની પરત જવા સૂચવ્યું. હવે કર્મચારીઓને થયું, 'નથી આ બહેનને અમે ઓળખતા કે નથી તેઓ અમને ઓળખતા તોય આ ઓળખ પરેડ શાની?'

પછી સાહેબે બધાને ખખડાવ્યા. મોડા આવો છો, પણ મોડા પડવાના કારણ લખવાની તકેદારી કોઇએ લીધી નથી. બધાએ 'આગળ મુજબ' લખ્યું છે પણ તેનું મૂળ તમે ગોતીને ચોકસાઇ કરી છે? બધાએ ના પાડી. એટલે સાહેબે હવે ફોડ પાડ્યો, 'ફલાણા બહેને આગળના પાને છેલ્લી લાઇનમાં પોતાની વિગત લખી છે તેમાં કારણ જણાવ્યું છે.' 'પ્રેગ્નન્સી રીપોર્ટ લેવા હોસ્પિટલ ગઇ હોવાથી' અને તમે બધાએ જોયા કારવ્યા વગર બીજા પાના ઉપર 'આગળ મુજબ' લખી નાખ્યું પેલા લેડી ડોકટરને અહિં બોલાવીને ખાતરી કરાવી કે તમારામાંથી કોણ ત્યાં ગયું હતું?

પછી તો બાકી બધા કર્મચારીઓ, પેલા મોડા આવનારાને આખો દિ ખીજવતા રહ્યા, 'કાં... બતાડી આવ્યા લેડી ડોકટરને!!'

વિવિશ આંખો ભિંજાણી છે !

થઇ આશાઓ ધૂળધાણી, કરોડો મત થયાં પાણી,
દિવસ સારાં તો ન આવ્યાં, બધાં અરમાન ગ્યાં તાણી.

જુઓ ભાઇ મોંઘવારી તો ઊંચા આભે અડી ગઇ છે,
પ્રજા ભોળી આ ભરમાણી, ભરોસામાં લૂંટાણી છે.

મળી ગઇ બહુમતિ ધીંગી, હવે મગદૂર કોની છે?
બિચારી - બાપડી રૈયત, બની ગઇ લ્યો નિમાણી છે.

ગરીબોનાં કૂબામાં કેમ થાશે દીવડા ઝળહળ
થયું છે ઘાસલેટ મોંઘુ, વિવિશ આંખો ભિંજાણી છે!

ગરીબોની ઇ કસ્તુરી થઇ ગઇ લ્યો હવે દુર્લભ,
કરોડો કૈં શ્રમિકોનાં ગળે રોટી ઠસાણી છે.

દીધાં વચનો તો મસમોટાં, પળાશે કેટલાં એમાં?
દીઠી છે વાક્ચાતુરી, પ્રજા કેવળ ફસાણી છે.

ભાંગી ગ્યો ભ્રમ ને લાધ્યું છે કેળળ જ્ઞાન સાહેબને,
થશે સો કેટલી વીસે? હવે હકીત પિછાણી છે.

- ભરત કવિ 'ઊર્મિલ'

અમને અહીં પાલવે નહિ !

ઝરમર તારું આવવું; અમને અહીં પાલવે નહિ!
આવી અને ચાલ્યા જવું; અમને અહીં પાલવે નહિ!

તરસ્યા અમે સહુ; ઘસમસતા એક પ્રવાહનાં,
બુંદથી આમ તરસાવવું; અમને અહીં પાલવે નહિ!

હોય સરોવર કે પછી; ડેમ - તળાવ - નદી - નાળાં;
ખોટું એમને સમજાવવું; અમને અહીં પાલવે નહિ!

પશુ, પંખી જીવ અબોલા; રાહ જુએ છે ચાતક નજરે,
ગરમીમાં એમનું બફાવું; અમને અહીં પાલવે નહિ!

રાત મેઘલી, ગાજવીજ ને વરસાદ મૂશળધાર,
ડોટ કોમ પર દેખાવવું અમને અહિં પાલવે નહિ!

- જગદીશ ગોર 'શરમાળ'

શિક્ષણ, સાહિત્ય અને સમાજ સેવાને સમર્પિત, આંતર વ્યક્તિત્વને મહેંકાવતા સર્જક ભાનુપ્રસાદ પુરાણીના અમૃતપર્વ-૨૦૧૪ નિમિત્તે અભિવાદનનો એક વિશિષ્ટ કાર્યક્રમ કડી શિક્ષણ સંકુલ સેક્ટર-૨૩ ગાંધીનગર શ્રી ખીમજી વિસરામ સભાગૃહ ખાતે તા. ૨૦-૭-૨૦૧૪ના સોજ સાંજે ૪.૦૦ કલાકે રાખવામાં આવ્યો છે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદક - નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

● સાહિત્ય સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે બ્રહ્મસમાજ ભવન સેક્ટર-૧૬ ખાતે જાણીતા ગઝલકાર કિશોર જીકાદરાના ગઝલ પઠનનો કાર્યક્રમ યોજાઇ ગયો.

સરસ્વતી વંદના દ્વારા રમણભાઇ શ્રીમાળી થકી કાર્યક્રમનો શુભારંભ થયો. સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલે' કવિનો પરિચય આપ્યો. જયારે પૂર્વ પ્રમુખ દોલત ભટ્ટ અને ભાનુપ્રસાદ પુરાણી દ્વારા પુષ્પગુચ્છ અને પુસ્તકથી કવિને સન્માનિત કરવામાં આવ્યા હતા. કુંદનબેન દવેએ દિલ્હી યાત્રા દરમિયાન કવિ જલાલ સાથે થયેલ મુલાકાતની સ્વાનુભવની વાત કરી.

સર્જકો, ભાવકો અને સ્વજનોની બહોળી ઉપસ્થિતિ વચ્ચે ગઝલકાર કિશોર જીકાદરાએ તેમની તરોતાજા ગઝલોનું પઠન કર્યું. આ કાર્યક્રમમાં જાણીતા કવિ પ્રવિણ ગઢવી તેમજ હરિકૃષ્ણ પાઠક પણ ઉપસ્થિત રહ્યા હતા. મહેન્દ્ર ભાઇ રાઠોડની વાર્તા 'મમતા' સામાયિકમાં પ્રગટ થતા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા. જયારે ધ્રાંગધ્રાની સંસ્થા લય-પ્રલય દ્વારા બાળવાર્તા અને બાળકાવ્ય માટે ભરત કવિ 'નયન' ની કૃતિઓ પુરસ્કૃત તથાં તેમને પણ સૌએ બિરદાવ્યા હતા.

સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ, સુરેશ ભટ્ટની ઉપસ્થિતિમાં આભારવિધિ મંત્રી સંજય થોરાત દ્વારા કરવામાં આવી હતી.

વર્ષાઋતુની ઉકળાટ ભરી સાંજે શ્રોતાઓને રસતરબોળ કરી ખુબ જ ઉમળકાથી ગઝલોની પ્રસ્તુતિ કરી ગઝલ ભાવથી ભીંજવી દીધા એ ગઝલોને માણવામાંથી જો તમે ચુકી ગયા હો તો તમારા માટે કેટલાક ચુનંદા શેર અહીં મુકું છું જે જરૂર ગમશે.

- વાદળોની કેફિયત વિસ્તારથી જાણી લીધી,
  મોકળાશે પક્ષ ચાતકનોય જાણ્યો હોત તો?
  વાયદાની પીઠ કાયમ થાબડી કારણ વગર,
  કોક દિ' આભાર ખૂશ્બુનો ય માન્યો હોત તો?
- આપ લે જયાં થૈ જતી દિલથી દિલોની સ્હેજમાં,
  એ જ ફળિયે વાટકી વહેવાર જેવું ના રહ્યું,
  આડ અસરો આજ પણ દેખાય છે દર્પણ મહીં,
  એક ઊભી તડ અને અણસાર જેવું ના રહ્યું.
- કદી નાદાનિયમમાં માં કને માગ્યો હતો ચાંદો,
  થયા શાણા છતાં જૂનો હજુ વલખાટ બાકી છે,
  રહ્યો મુંગો, મને જયારે વળીને એમને પુછ્યું,
  કયા મોઢેં કહું કે ઘાવનો ચચરાટ બાકી છે.
- ભૂલ્યો ટાણું, ભૂલ્યો અવસર, ભૂલ્યો છું કેટલું મળતર,
  ભૂલ્યો હું માન ને મનવર, બીજું હું કેટલું ભલું?
  ભૂલ્યો હું રાતની રાતો, ભૂલ્યો વહેવાર સચવાતો,
  ભૂલ્યો હું પ્રેમનું વળતર, બીજું હું કેટલું ભુલું?
- અજવાળું ભાળીને થોડો છળી ગયો છું,
  આગળના ખાંચામાં ખોટો વળી ગયો છું,
  હાથવગી રાખું છું છત્રી મારે મહિના
  તોરતરીકા મૌસમનાં હું કળી ગયો છું.
- વાદળ છે ભૈ, ક્યાં ક્યાં વરસ્યાં કોણે જોયાં?
  ક્યાંક રહ્યા બે વાદળ તરસ્યાં, કોણે જોયાં?
  બાવાં જાળાં ખંખેરીને, પોતીકાં ઘર ઉઘડાવોને,
- જૂના પાના સંબંધોને આજ ઘસીને ચમકાવો ને!
  અરસા જૂના અંધારાને, વળી ઝુડી સાફ કરી દો,
  ચાહો છો તો અજવાળાને, સાદ કરીને બોલાવેને,
- વીજળી ડૂલ થવાનું કારણ જોવું પડશે,
  અંધારામાં મોતી મારે પ્રોવું પડશે.

● ભાનુભાઇ પુરાણીના અમૃતપર્વ-૨૦૧૪ નિમિત્તે અભિવાદન સમારોહ યોજાશે.

શિક્ષણ, સાહિત્ય અને સમાજ સેવાને સમર્પિત, આંતર વ્યક્તિત્વને મહેંકાવતા સર્જક ભાનુપ્રસાદ પુરાણીના અમૃતપર્વ-૨૦૧૪ નિમિત્તે અભિવાદનનો એક વિશિષ્ટ કાર્યક્રમ કડી શિક્ષણ સંકુલ સેક્ટર-૨૩ ગાંધીનગર શ્રી ખીમજી વિસરામ સભાગૃહ ખાતે તા. ૨૦-૭-૨૦૧૪ના સોજ સાંજે ૪.૦૦ કલાકે રાખવામાં આવ્યો છે.

આ પ્રસંગનું અધ્યક્ષ સ્થાન વરિષ્ઠ પત્રકાર ચિંતક તેમજ નિરીક્ષકના મંત્રી શ્રી પ્રકાશ ન. શાહ શોભાવશે. જયારે મુખ્ય મહેમાન પદે ગુજરાત યુનિ. ના પૂર્વ ઉપકુલપતિ સાહિત્યકાર, પત્રકાર ડો. ચંદ્રકાન્ત મહેતા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે અતિથિ વિશેષ પદે સંતપરંપરાના સાધક કવિ અને પૂર્વ અધિક માહિતી નિયામક ડો. દલપત પઢિયાર ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે ભાનુભાઇ પુરાણીના ૭૫ વર્ષ અંગેનો દળદાર અભિવાદન ગ્રંથ 'મધપુડો સુરજવાણીનો' તેમજ 'ભાનુપ્રસાદ સ.દ. પોતે' ગ્રંથોનું લોકાર્પણ અને શુભેચ્છાઓ પાઠવવામાં આવશે.

આ સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન ડો. વર્ષા પારેખ કરશે. તેમ અમૃતપર્વ સમિતિનાં અધ્યક્ષ ડો. કરસનદાસ સોનેરી દ્વારા જણાવાયું છે. આ સમિતિનાં સંયોજક કૃષ્ણકાંત જહા, અરૂણ બુચ, મહેન્દ્રભાઇ ત્રિવેદી, ડો. કેશુભાઇ દેસાઇ, ડો. દલપત પઢિયાર, ડો. મુકેશચંદ્ર પડ્યા અને સતીશ પટેલ છે.

ગદ્ય સભા - ભાવનગર દ્વારા પુરસ્કૃત કવિ નટવર હેડાઉ ગદ્ય કાવ્ય

● કુંડવાવ એક અનુભૂતિ

આવ... આવ... મારા રણ યૌદ્ધા,
તારા માટે વિજયની વરમાળ લઇને તોરણે,
ઊભી પ્રતિક્ષારત,
સદીઓથી સદીઓ સુધી.
તારા તોખારની હણહણાટી.
અને
તારી તલવારના વિજય ટંકારને,
ઝંખે છે મારા કર્ણ
આ રક્તરંગી આકાશ,
તારા જ પ્રરાક્રમોની કહે છેય
અમરગાથા,
પંખી અહીં આવે તારો લઇ સંદેશો,
તેને તૃપ્ત કરું મારા જળથી,
જેના પ્રભાવથી સોમદત્ત પંડિતનો
કુષ્ટ રોગ લુપ્ત થયો હતો,
અને પુછું?
ક્યારે આવશે મારા સિદ્ધરાજ,
તું જસ્મા પાછળ પાગળ થયો,
તું રાણક માટે રોળાઇ રહ્યો,
તું મને કેમ તડપાવી રહ્યો,
હે મારા નાથ,
તને હું ઝંખુ
તારાં વિજય ઓવારણાં લેવા
મારાં અંગ સંગ તલસી રહ્યાં છે
તું જરૂર આવીશ એકવાર
એ ક્ષણ મારા હૃદયમાં કોતરીને બેઠી છું.
કપડવંજની વચ્ચોવચ્ચ
કેટકેટલાં લોક આવે ને જાય,
છતાં લાગે છે મને ભેંકાર,
એક તારા વિના,
ખાલીખમ મારા ઓવારા પર,
કાળના કાળા પડછાયા પથરાયાં છે.
લાજી મરું છું આ લોકોથી
જે એક રાજવણની મર્યાદા
જાળવી શકતી નથી.
ગામ આખાની ગંદકી
ઠાલવી રહ્યા છે મારા પર,
છતાં રાજરાણી છું હું
અને તેઓ છે મારી પ્રજા,
સદીઓ ક્યારે વીતી ગઇ
મને ખબર નથી
મારી આંખોમાં આરત બસ
એક તારી છે
તારી જ...
મારી વ્યાકુળ નજર તને જોવા
દૂર દૂર સુધી વિસ્તરવા માંગે છે,
પરંતુ
હું ભીંસાતી જાઉં છું
ચારે તરફથી
કોઇ હવાની લહેરખી તારા વાવડ લઇ આવે
વિજયનાં વધામણાં લાવે,

(અનુસંધાન પાના નં. ૬ પર)

જેમાં સહજતા નથી, તે દંભ છે

અક્ષયપાત્ર

- બકુલ દવે

અસતિ ભવતિ લસજ્જા ક્ષારં ચ શીતલં ભવતિ ।
દમ્મો ભવતિ વિવેકી પ્રિયવક્તા ભવતિ ધુર્તજનઃ ॥

(સતી ન હોય તેવી સ્ત્રી વધારે લજ્જા બતાવતી હોય છે. જે પાણી ખારું હોય છે તે વધારે શીતળ હોય છે, જે વધુ પડતો વિવેક બતાવતો હોય છે તે દંભી હોય ચે અને જે વધુ પડતું મીઠું બોલતો હોય છે તે ધૂર્ત હોય છે.)

કોઇ બાબતમાં અતિરેક જોવા મળે - અનુભવાય ત્યારે એની વિશ્વસનીયતા અંગે શંકા જાગે. એમાં કેટલી સચ્ચાઇ હશે તે સવાલ પણ થાય. જેમાં સહજતા નથી તે દંભ છે. જેવા હોઇએ તેવા દેખાવું, તે રીતે વ્યક્ત થવું એમાં પ્રમાણિકતા છે, સહજતા છે. પોતે જ હોઇએ તેવા દેખાવા મથામણ કરવી તે દંભ છે. સહજતા પ્રાકૃતિક હોય છે. એના માટે કશા પ્રયત્ન કરવા પડતા નથી. એમાં નીતર્યાં જેવી પારદર્શકતા હોય છે. સહજતા કુદરતી છે. એમાં મનુષ્યત્વનો રંગ અને સુગંધ હોય છે સહજ ન દેખાવું તે અપ્રાકૃતિરક છે. કાગળનાં ફૂલ જેવું. કાગળનાં ફૂલોને બનાવટી રંગ હોય છે અને સુગંધ તો બિલકુલ હોતી નથી. એને વૃક્ષનો પરિચય નથી હોતો. વૃક્ષો ફૂલોનાં જનક હોય છે ને જે જનક છે તે ઇશ્વર છે.

દંભને ઇશ્વર સાથે સંબધ નથી. પ્લાસ્ટર ઊખડી ગયેલી દીવાલને રંગરોગાન કરવાથી એની જીર્ણ હાલતને છુપાવી શકાતી નથી અથવા સૌંદર્ય પ્રસાધનોથી ચહેરાની કુરૂરતા છાતી રહેતી નથી. વધુ પડતી લજ્જાશીલ હોવાનો ડોળ કરતી ચારિત્ર્યહીન સ્ત્રી પોતાની ઊણપ ઢાંકી શકતી નથી.

કેટલાક માણસો ગમે ત્યારે, ગમે તેની સાથે હાથ જોડી વિન્રમતા દેખાડવાના દેખાવ કરતા હોય છે. હાથ જોડવા - ઝૂકી જવું એની સાથે પ્રેમ અને આદર જોડાયેલા હોય છે, જે યંત્રવત્ હાથ જોડવામાં કે ઝૂકી જવામાં કયાંક દેખાતા નથી. કાગળનાં ફૂલ જેવા એમના વિવેકમાં મનુષ્યત્વની સુવાસ પ્રગટી શકતી નથી.

કોઇકે કહ્યું છે, 'નમન નમન ફેર હૈ, બહોત નમે નાદાન' નમવાની - હાથ જોડવાની ક્રિયામાં સમર્પણ હોય. તેનો અભાવ માણસ વારંવાર અકારણ નમન કરતો ફરે છે એમાં દેખાઇ આવે છે. આ પ્રકારના દંભી માણસો દેવસ્થાનમાં પણ સાચા હૃદયથી ન થઇ શકે. ત્યાં પણ એમને અહંકાર નડે છે. એ પોતાની જાતને છેતરે છે. બેઇલીનું એક સરળ અવતરણ છે. **'The First and the Worst of all frauds to cheat oneself. All sins are easy after that'** (પોતાની જાતને છેતરવી એ કોઇ પણ પ્રકારના પ્રપંચમાં સૌથી ખરાબ અને પહેલાં નંબરનો પ્રપંચ છે. એનાથી મોટું કોઇ પાપ નથી.)

ધૂર્ત અને શઠ અન્યને છેતરવાના પ્રયાસમાં નમ્ર હોવાનું મહોરું પહેરી પોતાની જાતને સૌથી વિશેષ છેતરે છે. પોતાની જાતને છેતરવી એટલે પોતાના આત્માને છેતરવો. આત્મા સો પરમાત્મા. જે પોતાની જાતને છેતરે છે તે પોતાનામાં પણ શ્રદ્ધા ધરાવતો નથી. જેને પોતાનામાં શ્રદ્ધા નથી - વિશ્વાસ નથી એને આત્મા સાથે - ઇશ્વર સાથે શું સંબંધ? એ સૌથી મોટો નાસ્તિક છે. હાથ જોડાય છે કે ન જોડાય, માથું છૂકે કે ન ઝૂકે, તોપણ માસસ નમ્રતા પ્રગટ કરી શકે છે, સાચા હૃદયથી. મૌન રહીને પણ એ આદર અને પ્રેમ પ્રગટ કરી શકે છે. ચોખ્ખું હૃદય માણસના ચહેરાનું બિંબ આત્માના સરોવરમાં ડહોળાઇ જવા દેતું નથી. હૃદયની નિર્મળતા સત્યની ધાર તીક્ષ્ણ બનાવે છે. માણસનાં દંભ પ્રગટવાની શક્યતાઓને ભૂંસી નાખે છે. માણસને સો ટચના શુદ્ધ સોના જેવો બનાવે છે અને સોનાને કદી કાટ લાગતો નથી.